## રજીસ્ટ્રેશન પહોંચ

પહોંચ નંબર: ૨૦૧૮૩૨૧૦૦૫૭૩૯ દસ્તાવેજ નંબર: ૨૭૬૫ દસ્તાવેજ વર્ષ: ૨૦૧૮

તા: ૧૫ માહે: મે સને: ૨૦૧૮

દસ્તાવેજનો પ્રકાર માલિકી ફેરખત/વેચાણ અવેજ Rs. ૩૧૭૦૦૦૦૦.૦૦

રજુ કરનારનું નામ અશોકભાઇ ગોપાળભાઇ પટેલ

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટેશન ફી | ૩૧૭૦૦૦ |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો | ૫૦૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | ૦ |
| શોધ અગર તપાસણી | |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૩૧૭૫૦૦ |
|---|---|

અંકે રૂપીયા ત્રણલાખ સત્તર હજાર પાંચસો પુરા.

દસ્તાવેજ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે.
નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.
સી/501, સનાઇ રેસી., અડાજણ, સુરત.

(C.B.Patel)
સબ રજીસ્ટ્રાર
સુરત - 7 હજીરા

અગર ને આપશો

રજુ કરનારની સહી

સબ-રજીસ્ટ્રાર કચેરી

એસ.આર.ઓ - 7 હજીરા

ગામનુ નામ : વણકલા

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી<br>ફેરખત/વેચાણ<br><br>રૂા. ૩૧૭૦૦૦૦૦=૦૦ | રે.સ.નં. 65/પૈકી, બ્લોક નં. 66/બ, જુની શરતની સુમારે 8802 ચો.મી. વાળી જમીન<br>આકાર રૂ. 13-76 પૈસા, લાગુ ડ્રાફ્ટ ટી.પી.નં. 30 (વણકલા-ઓખા-વિહેલ)<br>ઓ.પી.નં. 38/સી, 38/ડી, ફા.પ્લોટ નં. 38/સી મુજબ સુમારે. 5283 ચો.મી. બિનખેતીની જમીન | | | અશોકભાઇ ગોપાળભાઇ પટેલ<br>મનજીભાઇ શામજીભાઇ સવાણી<br>દિવ્યા નિહારભાઇ પટેલ<br>યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ | મેસર્સ દેવશ્રી રીયાલીટી એક ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદારો- 1. અશોકભાઇ ગોપાળભાઇ પટેલ<br>2. હરનીશ અશોકભાઇ પટેલ<br>3. ડેનીશ બટુકભાઇ પટેલ<br>4. નિહાર મંગળદાસ પટેલ<br>5. મનજીભાઇ શામજીભાઇ સવાણી<br>6. યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ<br>7. ઋતુલ પરસોત્તમભાઇ હુમ્બર | ૧૫/૦૫/૨૦૧૮<br><br>૧૭/૦૫/૨૦૧૮ | ૨૭૬૫ | |

હિમાંશુ પટેલ ની તારીખ : ૧૭/૦૫/૨૦૧૮ ના રોજની

મુકાબલ કરનાર

ખરી નકલ

ATTESTED COPY

અરજી નંબર : ૨૮૦૩

પહોંચ નંબર : ૨૦૧૮૩૨૧૦૦૫૮૨૫

તારીખ : ૧૭/૦૫/૨૦૧૮

સબ-રજીસ્ટ્રાર

એસ.આર.ઓ - 7 હજીરા

સબ-રજીસ્ટ્રાર

એસ.આર.ઓ - 7 હજીરા

નોંધ: કોમ્પ્યુટર પ્રિન્ટમાં કોઈ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહી.

२

SRT/7/HJR

# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | IN-GJ72081753669041Q |
| Certificate Issued Date | : | 15-May-2018 03:05 PM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ SURAT1/ GJ-SU |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL01929605173754800Q |
| Purchased by | : | MS DEVSHREE REALITY A PARTNERSHIP FIRM |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | AS PER SCHEDULE |
| Consideration Price (Rs.) | : | 3,17,00,000<br>(Three Crore Seventeen Lakh only) |
| First Party | : | MS DEVSHREE REALITY A PARTNERSHIP FIRM |
| Second Party | : | ASHOKBHAI GOPALBHAI PATEL AND OTHERS |
| Stamp Duty Paid By | : | MS DEVSHREE REALITY A PARTNERSHIP FIRM |
| Stamp Duty Amount(Rs.) | : | 15,53,300<br>(FifteenLakh Fifty Three Thousand Three Hundred only) |

SRT/7/HJR

No - 2765 1/16

2018

TQ 0000554232

VOID VOID VOID

Statutory Alert:

1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

SRT/7/HJR
No. 2765 2/46
2018



# -:: વેચાણ દસ્તાવેજ ::-

-: વેચાણ અવેજ રૂા. ૩,૧૭,૦૦,૦૦૦/- પુરાનો :-

સંવત : ૨૦૭૪ ના વૈશાખ વદ અમાસને વાર : મંગળવાર, તારીખ : ૧૫ મી, માહે : મે, સને : ૨૦૧૮ ના અંગ્રેજી દિને....

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
2765 9/46
2018

**આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને પહેલા પક્ષના:**

**મેસર્સ દેવશ્રી રીયાલીટી - એક ભાગીદારી પેઢી,** (પી.એ.નં. **AAOFD 7621 C**)

ઠેઃ બી/૧, વાસ્તુલેખ રેસીડન્સી, પાલ તળાવની સામે, પાલ, સુરતના

**તરફે તેના ભાગીદારો........**

**(૧) અશોકભાઇ ગોપાળભાઇ પટેલ,**

ઉ.આ.વ.: ૫૪, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ એ-૯૦૧, વાસ્તુલેખ રેસીડન્સી, પાલ તળાવની સામે, પાલ, સુરત.

**(૨) હરનીશ અશોકભાઇ પટેલ,**

ઉ.આ.વ.: ૨૬, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ એજનના.

**(૩) ડેનીશ બટુકભાઇ પટેલ,**

ઉ.આ.વ.: ૨૯, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ ૧૧૦૨, શુભ લક્ષ્મી રેસીડેન્સી, શ્યામ માર્બલ સામે, વેડ ગુરૂકુળ રોડ, સુરત.

**(૪) નિહાર મંગળદાસ પટેલ,**

ઉ.આ.વ.: ૩૫, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ ૨,માધવાનંદ સોસાયટી, શીશુવિહાર સ્કુલ સામે, આનંદ મહલ રોડ, સુરત.

**(૫) મનજીભાઇ શામજીભાઇ સવાણી,**

ઉ.આ.વ.: ૬૦, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ ૧૬-૧૭, વસંત વિહાર સોસાયટી, સરદાર બ્રિજની સામે, અડાજણ રોડ, સુરત.

**(૬) યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ,**

ઉ.આ.વ.: ૫૨, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ બી-૫૦૪, સનાઇ રેસીડેન્સી, ગંગેશ્વર મહાદેવ મંદીર પાસે, અડાજણ, સુરત.

**(૭) ઋતુલ પરસોત્તમભાઇ ઠુમ્બર,**

ઉ.આ.વ.: ૨૩, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ ૩૫, અષ્ટ વિનાયક રો-હાઉસ, પરશુરામ ગાર્ડન પાસે, અડાજણ, સુરત.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં “ **પહેલા પક્ષનાઓ** ” અગર “**તમો**” તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓને સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં પહેલા પક્ષનાઓ

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR

No-2765 4/46

2018

પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એક્ઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

**જોગ લિ.....**

**આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા યાને બીજા પક્ષનાઓ :-**

(૧) **અશોકભાઇ ગોપાળભાઇ પટેલ, (પી.એ.નં. ABLPP 4452 B)**

ઉં.આ.વ.: ૫૪, ધંધોઃ વેપાર-ખેતી,

રહેવાસીઃ સી-૫૦૧, સનાઇ રેસીડન્સી, પરશુરામ ગાર્ડનની સામે, અડાજણ, સુરત.

(૨) **મનજીભાઇ શામજીભાઇ સવાણી, (પી.એ.નં.AHPPS 9787 G)**

ઉં.આ.વ.: ૬૦, ધંધોઃ વેપાર-ખેતી,

રહેવાસીઃ ૧૬-૧૭, વંસતવિહાર સોસાયટી, લાલજીનગરની સામે, સરદાર બ્રીજ પાસે, અડાજણ, સુરત.

(૩) **દિવ્યા નિહારભાઇ પટેલ, (પી.એ.નં. AGCPV 2814 P)**

ઉં.આ.વ.: ૩૨, ધંધોઃ ખેતી-ઘરકામ,

રહેવાસીઃ ૨, માધવાનંદ સોસાયટી, શિશુવિહાર સ્કુલની સામે, અડાજણ, સુરત.

(૪) **યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ, (પી.એ.નં. ABHPG 3610 L)**

ઉં.આ.વ.: ૫૨, ધંધોઃ વેપાર,

રહેવાસીઃ બી/૪, પવિત્રા રો-હાઉસ, ગેટ નં. ૧, સહજ સુપર સ્ટોર્સની પાસે, અડાજણ, સુરત.

( જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"બીજા પક્ષનાઓ"** અગર **" અમો "** તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં બીજા પક્ષના પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એક્ઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે. )

જત આજરોજ અમો વેચાણ આપનારાઓ તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :-

સુરત જીલ્લાનાં ચોર્યાસી તાલુકાનાં **મોજે : વણકલાના રે.સ.નં. ૬૫/પૈકી, બ્લોક નં. ૬૬/બ** વાળી જુની શરતની સુમારે **૮૮૦૨ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જમીન, જેનો આકાર **રૂા. ૧૩-૭૬ પૈસા** છે. જેને લાગુ **ડ્રાફટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૩૦ (વણકલા-ઓખા-વિહેલ)** નાં **ઓરીજનલ પ્લોટ નં. ૩૮/સી, ૩૮/ડી** નાં **ફાયનલ પ્લોટ નં. ૩૮/સી** મુજબ સુમારે **૫૨૮૩ સ.ચો.મી.** ક્ષેત્રફળ

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
No - 2765 5/46
2018

ધરાવતી બીનખેતીની જમીન,જેને લાગતા વળગતા તથા અંદરના બહારના તેમજ આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક, અધિકાર સહિતની બીનખેતીની જમીન. (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સરળતા ખાતર **"સદરહુ બીનખેતીની જમીન"** તરીકે ઉલ્લેખ કરેલ છે. જેને નીચે પરિશિષ્ટમાં સંપુર્ણ વિગત અને વર્ણનથી દર્શાવેલ છે.) સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓની સંપુર્ણ માલિકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી છે. તેમજ ગામના નમુના નં. ૭/૧૨ માં પણ અમો બીજા પક્ષનાઓનું નામ માલિકી હકકે ચાલી આવેલ છે.

સુરત જીલ્લાનાં ચોર્યાસી તાલુકાનાં **મોજે : વણકલાના રે.સ.નં. ૫૭, ૬૨/૧, ૬૫** વાળી જમીનો બળદેવભાઇ ગોરધનભાઇની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હતી.

ત્યારબાદ સદરહુ મોજે : વણકલા ગામની જમીન અંગે એકત્રીકરણ યોજનાં અમલમાં તમામ સર્વે નંબરોને બ્લોક નંબરો આપવા આવેલા. તે મુજબ સર્વે નં. **૫૭, ૬૨/૧, ૬૫** ને બ્લોક નં. ૬૬ આપવામાં આવેલ છે.

ત્યારબાદ બળદેવભાઇ ગોરધનભાઇ તા.૧૨/૧૨/૧૯૯૩નાં રોજ અવસાન થયેલા.જેનાં સીધીલીટીનાં વારસદારો પૈકી મણીબેન તે બળદેવભાઇ ગોરધનભાઇની વિધવા તા. ૨૯/૮/૧૯૯૯ નાં રોજ અવસાન પામેલ છે. તેમજ હરિશચંદ્ર બળદેવભાઇ સને ૧૯૮૧ ની સાલમાં ગુમ થયેલ છે. અને તે અંગે તેમનાં વડીલ ભાઇ રાજેન્દ્રભાઇએ તા. ૧૫/૧૨/૧૯૮૩ નાં રોજ ગુમ થવા અંગે પોલીસ અધિકારીશ્રીની કચેરી સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ) ગુજરાત રાજય અમદાવાદનાં પત્ર નં. સી.આઇ.ડી./૩/ઇન્કવાયરી/૧૮૧/૮૨/૧૩૧૪, તા. ૧૫/૧૨/૧૯૮૩ થી પ્રમાણપત્ર મેળવેલ છે. તેમજ લલીતાબેન બળદેવભાઇ પણ તા. ૧૩/૮/૧૯૬૧ નાં રોજ અવસાન પામેલ છે. જેથી મર્હુમ હરીશચંદ્ર બળદેવભાઇનાં વારસદારો તરીકે (૧) ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવા, (૨) કલ્પેશકુમાર હરીશચંદ્ર, (૩) સ્નેહલકુમાર હરીશચંદ્રનાઓ હતા. અને તે તમામ વારસદારો વચ્ચે તા. ૮/૩/૨૦૦૦ નાં રોજ વહેંચણ દસ્તાવેજ કરવામાં આવેલો. અને તે વહેંચણ મુજબ વણકલાનાં બ્લોક નં. ૬૬ પૈકી સર્વે નં. ૫૭, એકર ૫-૧૮ (૨૨૦૫૭ ચો.મી.) ગુંઠા જમીન તથા બ્લોક નં. ૬૬ પૈકી, સર્વે નં. ૬૫, એકર ૩-૨૪ ગુંઠા (૧૪૫૭૦ ચો.મી.) વાળી જમીનો (૧) ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવા, (૨) કલ્પેશકુમાર હરીશચંદ્ર, (૩) નેહલકુમાર હરીશચંદ્રના સ્વતંત્ર હિસ્સામાં આવેલી. તથા વણકલાનાં બ્લોક નં. ૬૬ પૈકી સર્વે નં. ૬૨/૧,એકર ૦-૩૭ ગુંઠા તથા બ્લોક નં. ૧૫૫, સર્વે નં. ૯૨ વાળી ૨૧૦૨૮ચો.મી.જમીન(૧) રાજેન્દ્રભાઇ બળદેવભાઇ, (૨) સુરેન્દ્રભાઇ બળદેવભાઇ, (૩) દલસુખભાઇ બળદેવભાઇનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી. જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૦૬૩ થી તા. ૭/૩/૨૦૦૨** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/ 
No- 2765 6/46
2018

ત્યારબાદ સદરહુ જમીનનાં ચાલી આવતા સહ-માલીકો (૧) ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવા, (૨) કલ્પેશકુમાર હરીશચંદ્ર, (૩) નેહલકુમાર હરીશચંદ્ર, (૪) રાજેન્દ્રભાઇ બળદેવભાઇ, (૫) સુરેન્દ્રભાઇ બળદેવભાઇ, (૬) દલસુખભાઇ બળદેવભાઇનાઓએ તા. ૫/૮/૨૦૦૩ નાં રોજ કરેલ કરાર મુજબ બ્લોક નં. ૬૬ વાળી જમીનમાંથી (૧) રાજેન્દ્રભાઇ બળદેવભાઇ, (૨) સુરેન્દ્રભાઇ બળદેવભાઇ, (૩) દલસુખભાઇ બળદેવભાઇનાઓએ પોતાનાં નામો કમી કરવામાં આવેલા. અને (૧) ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવા, (૨) કલ્પેશકુમાર હરીશચંદ્ર, (૩) નેહલકુમાર હરીશચંદ્રના નામો ચાલુ રાખવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૧૦૦ થી તા. ૧૦/૧૦/૨૦૦૩** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

ત્યારબાદ વણકલાનાં બ્લોક નં. ૬૬ વાળી જમીનનાં માલીક ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવા વિગેરેનાંએ બ્લોક વિભાજન કરવા માટે તા. ૩૦/૫/૨૦૦૫ નાં રોજ નાયબ કલેકટરશ્રી ચોર્યાસી પ્રાંત સુરતનાં સમક્ષ અરજી કરેલી. અને તે અરજીનાં અનુસંધાનમાં મહે.નાયબ કલેકટર સાહેબ, ચોર્યાસી પ્રાંત સુરતના હુકમ ક્રમાંક/ઇએસટી/બવજ/વણકલા/વશી-૩૫૦/૦૫ રજી.નં. ૨૩/૦૫, તા. ૮/૨/૨૦૦૬ થી બ્લોક વિભાજનની પરવાનગી આપવામાં આવેલી.જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૧૫૩ થી તા. ૨૪/૨/૨૦૦૬** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ નાયબ કલેકટરીશ્રી ચોર્યાસી પ્રાંતનાં તા. ૮/૨/૨૦૦૬ નાં બ્લોક વિભાજનનાં હુકમ મુજબ જીલ્લા ઇન્સપેકટર જમીન રેકર્ડઝ સુરતનાં હુકમ ક્રમાંક : કેજેપી.એસ.આર./૭૧/૦૫-૦૬ તા. ૧૪/૩/૨૦૦૬ નાં દુરસ્તી પત્રક નં. ૫ મુજબ ગામ દફતરે નોંધ કરવામાં આવેલી. અને તે મુજબ (૧) બ્લોક નં. ૬૬/અ વાળી સુમારે ૨૫૬૯૭ ચો.મી., આકાર રૂા. ૪૦-૧૮ પૈસાવાળી જમીન (૧) કલ્પેશકુમાર હરીશચંદ્ર, (૨) નેહલકુમાર હરીશચંદ્રનાં હિસ્સામાં આવેલી તથા (૨) બ્લોક નં. ૬૬/બ વાળી સુમારે ૮૮૦૨ ચો.મી.,આકાર રૂા. ૧૩-૭૬ પૈસાવાળી જમીન ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવાનાં હિસ્સામાં આવેલી. જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૧૫૭ થી તા. ૧૩/૪/૨૦૦૬** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ બ્લોક નં. ૬૬/બ વાળી જમીનનાં માલીક ભાનુબેન તે હરીશચંદ્ર બળદેવભાઇની વિધવાનાં કનેથી (૧) જગદીશભાઇ લલ્લુભાઇ પટેલ, (૨) સ્નેહલકુમાર જગદીશભાઇ પટેલ, (૩) મિતલભાઇ જગદીશભાઇ પટેલ, (૪) અનિલભાઇ જયંતિભાઇ પટેલ, (૫) રોહિતભાઇ જયંતિભાઇ પટેલનાઓએ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૩૭૬ થી તા. ૧૦/૧/૨૦૧૧ નાં રોજ વેચાણ રાખેલી. જે વેચાણ દસ્તાવેજની રૂએ વેચનારનું નામ કમી કરી ખરીદનારાઓના નામો ગામ દફતરે દાખલ કરવામાં

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
No - 2765 7/46
2018

આવેલા.જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૪૩૬ થી તા. ૧/૩/૨૦૧૧** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

ત્યારબાદ સદરહુ નોંધ નં. ૧૪૩૬ માં શરતચુક યા ભુલચુકથી જગદીશભાઇ લલ્લુભાઇને બદલે ગજદીશભાઇ લલ્લુભાઇ લખાયેલ છે. જે અંગે મામલતદારશ્રી ચોર્યાસીનાં હુકમ નં. જદક/સુધારા હુકમ/વણકલા/સુધારા/રજી.નં. ૨૭/૨૦૧૧ થી તા. ૨૯/૬/૨૦૧૧ થી નાં સુધારા હુકમ કરવામાં આવેલ. અને તે સુધારા હુકમ મુજબ ગજદીશભાઇ લલ્લુભાઇ પટેલને બદલે જગદીશભાઇ લલ્લુભાઇ પટેલ કરવામાં આવેલા છે. જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૪૬૦ થી તા. ૧/૭/૨૦૧૧** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૬૬/બ વાળી જમીનના માલીકો (૧) જગદીશભાઇ લલ્લુભાઇ પટેલ, (૨) સ્નેહલકુમાર જગદીશભાઇ પટેલ, (૩) મિતલભાઇ જગદીશભાઇ પટેલ, (૪) અનિલભાઇ જયંતિભાઇ પટેલ, (૫) રોહીત જયંતિભાઇ પટેલનાએ કનેથી સદરહુ જમીન અમો બીજા પક્ષના નં ૧ થી ૩ અશોકભાઇ ગોપાળભાઇ પટેલ, મનજીભાઇ શામજીભાઇ સવાણી, તથા દિવ્યા નિહારભાઇ પટેલનાઓએ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૫ થી તા. ૨૨/૧/૨૦૧૩ ના રોજ વેચાણ રાખેલી. જે વેચાણ દસ્તાવેજની રૂએ વેચનારના નામો કમી કરી ખરીદનારાઓના નામો ગામ દફતરે દાખલ કરવામાં આવેલા.જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં.૬) મા **નોંધ નં.૧૫૫૩ થી તા.૨૨/૧/૨૦૧૩** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. આમ, ત્યારથી સદરહુ જમીન (૧) અશોકભાઇ ગોપાળભાઇ પટેલ, (૨) મનજીભાઇ શામજીભાઇ સવાણી, તથા (૩) દિવ્યા નિહારભાઇ પટેલનાઓની સંયુકત માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ, સદરહુ જમીન અંગે મે. કલેકટરશ્રી સુરતનાએ તેઓના હુકમ ક્રમાંક : એ/ બખપ/ રી.એસ.આર. નં. ૧૩૧/૧૫/ આઇ.ડી. નં. ૧૭૦૦૪ / વશી. ૧૫૭ થી ૧૫૧૯/૧૫ થી તા.૧૫/૫/ ૨૦૧૫ ના રોજ રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૧૮૫૩ થી તા. ૩૦/૫/૨૦૧૫** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

સદરહુ મોજે : વણકલાના બ્લોક નં. ૬૬/બ વાળી ૭/૧૨ મુજબ સુમારે ૮૮૦૨ સ.ચો.મી., ટી.પી.સ્કીમ નં. ૩૦ (વણકલા-ઓખા-વિહેલ) ફા.પ્લોટ નં. ૩૮/સી મુજબ સુમારે ૫૨૮૩ સ.ચો.મી. બીનખેતીની જમીનમાં અમો બીજા પક્ષના (૧) અશોકભાઇ ગોપાળભાઇ પટેલ (૭૦%) નો ૭/૧૨ મુજબ ૬૧૬૧.૪૦ સ.ચો.મી. યાને ફા.પ્લોટ મુજબ ૩૬૯૮.૧૦ સ.ચો.મી. તથા અમો બીજા પક્ષના નં.(૨) મનજીભાઇ શામજીભાઇ સવાણી (૨૦%) નો ૭/૧૨ મુજબ ૧૭૬૦.૪૦ સ.ચો.મી. યાને ફા.પ્લોટ નં. ૧૦૫૬.૬૦ સ.ચો.મી તથા અમો બીજા પક્ષના નં. (૩) દિવ્યા નિહારભાઇ પટેલ (૧૦%)

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
No-27658/18
2018

નો ૭/૧૨ મુજબ ૮૮૦.૨૦ સ.ચો.મી. યાને ફા.પ્લોટ મુજબ ૫૨૮.૩૦ સ.ચો.મી. વણ-વહેચાયેલો કાયદેસરનો હિસ્સો ચાલી આવેલ. તે વણ-વહેચાયેલા હિસ્સા પૈકી અમો બીજા પક્ષના નં.૧ અશોકભાઇ ગોપાળભાઇ પટેલના ૭૦ % હિસ્સા પૈકી ૭/૧૨ મુજબની સુમારે ૮૮૦.૨૦ સ.ચો.મી. યાને ફા. પ્લોટ મુજબ સુમારે ૫૨૮.૩૦ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન બીજા પક્ષના નં. ૪ યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલને વેચાણ આપેલ.જે વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુ. નં. ૧૯૪ થી તા.૨૪/૧/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે.જે વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદનારાનું નામ ગામ દફતરે દાખલ કરવામાં આવેલ.જે અંગેની નોંધ મોજે : વણકલાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૨૦૬૧ થી તા. ૦૬/૦૩/૨૦૧૭** ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. આમ, ત્યારથી સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષના (૧) અશોકભાઇ ગોપાળભાઇ પટેલ, (૬૦%) (૨) મનજીભાઇ શામજીભાઇ સવાણી,(૨૦%) (૩) દિવ્યા નિહારભાઇ પટેલ (૧૦%) તથા (૩) યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ (૧૦%) નાઓની સંયુકત માલીકીની ચાલી આવેલી.

ઉપરોકત વિગતે સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓની સહ-માલીકી, કબજા, વહીવટ, ભોગવટામાં સ્થળ ઉપર ચાલી આવેલ છે અને સદરહુ બીનખેતીની જમીન અંગે તમામ રીતે વહીવટ, વ્યવસ્થા, સંચાલન વિગેરે કરવાનો હમો બીજા પક્ષનાઓને હકક-અધિકાર અને સત્તા છે. તે હકક-અધિકાર અને સત્તાની રૂએ સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓએ તમો પહેલા પક્ષનાને **રૂા. ૩,૧૭,૦૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ કરોડ સત્તર લાખ પુરાના** વેચાણ અવેજથી વેચાણ આપેલ. જે વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષનાઓને નીચેની વિગતથી ચુકતે ચુકવી આપેલ છે.

## -:: વેચાણ અવેજ ચુકવ્યાની વિગત ::-

| ક્રમ | બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. | અવેજ સ્વીકારનાર |
|---|---|---|---|---|---|
| ૧ | એક્ષીસ બેંક લી. | ૨૨૪૭૦૮ | ૧૪/૦૫/૨૦૧૮ | ૫૦,૦૦,૦૦૦/- | અશોકભાઇ |
| ૨ | એજન | ૨૨૪૭૦૯ | ૧૪/૦૫/૨૦૧૮ | ૫૦,૦૦,૦૦૦/- | અશોકભાઇ |
| ૩ | એજન | ૨૨૪૭૧૦ | ૧૪/૦૫/૨૦૧૮ | ૫૦,૦૦,૦૦૦/- | અશોકભાઇ |
| ૪ | એજન | ૨૨૪૭૧૧ | ૧૪/૦૫/૨૦૧૮ | ૨૮,૨૯,૮૦૦/- | અશોકભાઇ |
| ૫ | એજન | ૨૨૪૭૧૨ | ૧૪/૦૫/૨૦૧૮ | ૧૦,૦૦,૦૦૦/- | અશોકભાઇ |
| ૫ | એજન | ૨૨૪૭૦૬ | ૧૪/૦૫/૨૦૧૮ | ૩૦,૦૦,૦૦૦/- | મનજીભાઇ |
| ૬ | એજન | ૨૨૪૭૦૭ | ૧૪/૦૫/૨૦૧૮ | ૩૨,૭૬,૬૦૦/- | મનજીભાઇ |
| ૭ | એજન | ૨૨૪૭૦૫ | ૧૪/૦૫/૨૦૧૮ | ૩૧,૩૮,૩૦૦/- | દિવ્યાબેન |
| ૮ | એજન | ૨૨૪૭૦૪ | ૧૪/૦૫/૨૦૧૮ | ૩૧,૩૮,૩૦૦/- | યોગેશભાઇ |
| ૯ | એજન | ૨૨૪૭૦૨ | ૧૪/૦૫/૨૦૧૮ | ૩,૧૭,૦૦૦/- | ટી.ડી.એસ. પેટે |
| | | કુલ રૂા. | | ૩,૧૭,૦૦,૦૦૦/- | |

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
No - 2765/18
2018

સબબ, સદરહુ બીનખેતીની જમીનના વેચાણ અવેજની પુરેપુરી રકમ અમો બીજા પક્ષનાઓને પોત પાતાના હિસ્સા મુજબ ઉપરની વિગતે ચુકતે મળી ગયેલ છે અને તે અંગેની આથી અમો બીજા પક્ષનાઓ કાયદેસરની પાકી પહોંચ સ્વીકારીએ છીએ. આમ, સદરહુ તમારા કિંમતી અવેજના બદલામાં આજરોજ અમો બીજા પક્ષનાઓએ અમારી માલીકીની જમીન તમો પહેલા પક્ષનાને માલિક તરીકે અને કબજેદાર તરીકે સુપ્રત કરી દીધેલ છે. તથા સદરહુ બીનખેતીની જમીનનો પ્રત્યક્ષ અને શાંતિભર્યો કબજો સ્થળ ઉપર તમો પહેલા પક્ષનાને સુપ્રત કરી દીધેલ છે,જે આજરોજ કબુલ રાખીએ છીએ,જે કબજો અમો વેચાણ આપનારાઓએ આજદીન બાદ પરત માંગવાનો નથી કે પરત માંગવા હકકદાર રહેતા નથી.આમ, છતા અમો વેચાણ આપનારાઓ તરફથી કે અમારા વંશવાલી, વારસો કે હિસ્સેદારો કે હિત-સબંધ ધરાવતી કોઇપણ વ્યકિતઓ તરફથી ભવિષ્યમાં કબજો પરત મેળવવા અંગે કોઇ તર-તકરાર કરવા-કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી. અને તે અંગેની સંપુર્ણ જવાબદારી અમો બીજા પક્ષનાઓની રહેશે સહી.

સદરહુ બીનખેતીની જમીન અમો વેચાણ આપનારાઓની સંપૂર્ણ માલિકી, કબજા, વહીવટ, ભોગવટામાંથી અને અમો બીજા પક્ષનાઓના માલીકીપણા તથા કબજા, હકકની રૂએ સદરહુ બીનખેતીની જમીન તમો પહેલા પક્ષનાને યાવતચંદ્ર દિવાકરોને માટે હરહંમેશ તથા કાયમ માટે ઉપર આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક અને અધિકાર સહિત વેચાણ આપી દીધી છે અને સદરહુ બીનખેતીની જમીનના અમો વેચાણ આપનારાઓ જેવા માલિક, મુખત્યાર અને કબજેદાર હતા એવા જ માલિક, મુખત્યાર અને કબજેદાર તમો પહેલા પક્ષનાને બનાવ્યા છે સહી અને તમો પહેલા પક્ષના થયા છો સહી.

સદરહુ બીનખેતીની જમીન તમો પહેલા પક્ષનાને માલિકી હકકે તમારા કાયદેસરના માલિકીપણામાં સુપ્રત કરી દીધી હોય, સદરહુ બીનખેતીની જમીન વેચાણ, ગીરો યા બક્ષીસ કરો-કરાવો, યા તમો પહેલા પક્ષનાને યોગ્ય લાગે તે રીતે વ્યવસ્થા, નિકાલ કરવા-કરાવવા તમો પહેલા પક્ષના હકકદાર છો અને તે અંગે અમો બીજા પક્ષનાઓએ કે અમારા વંશવાલી, વારસોએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની નથી અને કરીએ-કરાવીએ તો તે આથી રદબાતલ થાય સહી. તમોને વેચાણ આપેલ બીનખેતીની જમીન હાલ અમો વેચાણ આપનારાઓના નામે ગ્રામ પંચાયતના દફતરે, સીટી સર્વે દફતરે, સુરત મહાનગર સેવા સદન, તાલુકા પંચાયત દફતરે, જીલ્લા પંચાયત દફતરે તેમજ અન્ય સરકારી અર્ધસરકારી દફતરે ચાલે છે અને તે નામો આ વેચાણ દસ્તાવેજની રૂએ કમી કરાવી તમો પહેલા પક્ષના તમારૂં નામ માલીકી હકકે ગ્રામ પંચાયત દફતરે,સીટી સર્વે દફતરે,સુરત મહાનગર સેવા સદન,તેમજ અન્ય સરકારી,અર્ધસરકારી કચેરીઓમાં દાખલ કરાવી શકો સહી.તેમજ આ દસ્તાવેજની

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
No - 2765 10/46
2018

રૂએ પણ અમારી કબુલાત માની લઇ તમો પહેલા પક્ષના તમારૂ નામ સદરહુ બીનખેતીની જમીનમાં તમોને જરૂર હોય ત્યાં અને યોગ્ય લાગે ત્યાં દાખલ કરી-કરાવી શકો સહી.

સદરહુ વેચાણ આપેલ બીનખેતીની જમીન અંગેના આજદીન સુધીના ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતના વેરા યા અન્ય કોઇપણ મહેસુલ ધારો, વિશેષધારો, વેરાના તેમજ અન્ય કોઇપણ વેરાઓ અમો બીજા પક્ષનાઓએ ભરપાઇ કરી દીધેલ છે અને આજદીન બાદ સદરહુ બીનખેતીની જમીનને લગતા કોઇપણ મહેસુલ, વેરો તેમજ અન્ય કોઇપણ વેરાઓ ભરવાના થાય તો તે તમામ તમો પહેલા પક્ષનાએ માલીકી હકકે ભરવાના રહેશે સહી.

સદરહુ બીનખેતીની જમીનમાંથી કોઇપણ વ્યકિતને આજદીન સુધી આવવા જવાના વાહન-વ્યવહાર લાવવા-લઇ જવાના હકકો આપેલા નથી. તેમજ બીનખેતીની જમીનમાંથી કોઇને પણ હવા, ઉજાસ મેળવવાના કે પાણીના નિકાલના હકકો નથી તેમજ તેના ઉપર અન્ય કોઇપણ પ્રકારના ઇઝમેન્ટના હકક, અધિકાર નથી. સદરહુ બીનખેતીની જમીન કોઇના જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી. સદરહુ બીનખેતીની જમીન ઉપર કોઇપણ અદાલતી ટાંચ કે જપ્તીમાં નથી અને તે અંગેની કોઇ કાર્યવાહી હાલ ચાલુ નથી. સદરહુ બીનખેતીની જમીન અમો બીજા પક્ષનાઓએ ગીરો મુકેલ નથી તેમજ અન્ય કોઇપણ પ્રકારે તેના ઉપર નાણાંકીય બોજો ઉત્પન્ન કરેલ નથી. તેમજ તે અંગેના કોઇ લેખ પણ કરેલા નથી. સદરહુ બીનખેતીની જમીન અંગે અમો બીજા પક્ષનાઓએ કોઇ વીલ યાને વસીયતનામુ કરેલ નથી અને તે રીતે પણ સદરહુ બીનખેતીની જમીનના કોઇ હકક કોઇને ટ્રાન્સફર થતા નથી કે થયેલા નથી. સદરહુ બીનખેતીની જમીન કોઇપણ પ્રકારની એકવીઝીશન કે રીઝર્વેશનમાં આજદીન સુધી સરકારી કે અર્ધસરકારી સંસ્થા દ્વારા લેવામાં આવેલી નથી અને તે અંગેની કોઇ કાર્યવાહી આજદીન સુધી થઇ નથી કે ચાલુ નથી. તેમજ તે અંગેની કોઇ નોટીસ પણ આજદીન સુધી હમો બીજા પક્ષનાઓને મળેલી નથી. સદરહુ બીનખેતીની જમીન તદ્દન નબોજી, નકર્જી, નજોખમી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલ્સવાળી છે. સદરહુ બીનખેતીની જમીન હમો બીજા પક્ષનાઓએ કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ, કે અન્ય રીતે તબદીલ કરી-કરાવી આપેલ નથી. આમ સદરહુ બીનખેતીની જમીનમાં અમો બીજા પક્ષનાઓ સિવાય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હીસ્સો કે અધિકાર રહેલો નથી તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આજરોજ હમો બીજા પક્ષનાઓ તમો પહેલા પક્ષનાને આપીએ છીએ.

સદરહુ જમીનને **ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૦ (વણકલા-ઓખા-વિહેલ)**ના **ફા. પ્લોટ નં. ૩૮/ સી** ફાળવવામાં આવેલ છે. અને તે ફાયનલ પ્લોટ પૈકી તમોને વેચવામાં આવેલ ફાયનલ પ્લોટ મુજબના ક્ષેત્રફળમાં વધારો ઘટાડો થાય તો તે માલીકી હકકે ખરીદનાર યાને પહેલા પક્ષનાને પ્રાપ્ત થાય સહી. તેમજ તેનો સરકારી, અર્ધ-સરકારી રેકર્ડ ઉપર પણ અમલ કરવાનો રહેશે. અને તે અંગે અમો બીજા

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
2765 / 11/46
2018

પક્ષનાઓએ કે અમારા વંશવાલી વારસોએ કોઇ તર-તકરાર કરવા-કરાવવાની નથી અને કરીએ-કરાવીએ તો આથી રદબાતલ થાય સહી. અને આ દસ્તાવેજથી પણ તેવી સહી, સંમતિ અને કબુલાત અમો બીજા પક્ષનાઓની માની લઇ તમો પહેલા પક્ષના સરકારી, અર્ધસરકારી રેકેર્ડ તેમજ જરૂર જણાય ત્યાં ફેરફાર કરી-કરાવી શકો સહી.

સદરહુ બીનખેતીની જમીન અંગેના તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, વકીલ ફી, રજીસ્ટ્રેશન ફી, તથા અન્ય કોઇ ખર્ચ આવે તો તે તમામ ભરવાની જવાબદારી તમો પહેલા પક્ષનાની છે સહી. સદરહુ બીનખેતીની જમીન અંગે ભવિષ્યમાં સ્ટેમ્પ ડયુટી ભરવાનો પશ્ન આવે તો તે વેચાણ લેનારે પોતે ભરવાના રહેશે તે અંગે બીજા પક્ષનાઓની કોઇ જવાબદારી રહેશે નહી.

સદરહુ બીનખેતીની જમીનને લગતા જે કાંઇ અસલ દસ્તાવેજો, મહેસુલી પાવતી, ખેડુત ખાતાવહી તથા એન્ટ્રીની નોંધો અમો બીજા પક્ષનાઓ પાસે હતા, તે તમામ અમો બીજા પક્ષનાઓએ તમો પહેલા પક્ષનાને આજરોજ સુપ્રત કર્યા છે. હમો બીજા પક્ષનાઓ પાસે તે સિવાય બીજા કોઇ દસ્તાવેજો કે કાગળો નથી. તેમ છતા પણ નીકળી આવે તો હમો બીજા પક્ષનાઓએ તેનો કોઇ ઉપયોગ કરવાનો નથી, પરંતુ તમો પહેલા પક્ષનાને સુપ્રત કરવાના છે.

સદરહુ બીનખેતીની જમીનના વેચાણ અવેજની રકમ **રૂા.૩,૧૭,૦૦,૦૦૦/-** પુરા નકકી કરેલ છે. જેના ઉપર કાયદેસરનો સ્ટેમ્પ **રૂા. ૧૫,૫૩,૩૦૦/-** પુરાનો વાપરેલ છે.

## ¤ પરિશિષ્ટ ¤

### -:: વેચાણ આપેલ બીનખેતીની જમીનની વિગત તથા વર્ણન ::-

સુરત જીલ્લાનાં ચોર્યાસી તાલુકાનાં **મોજે : વણકલાના રે.સ.નં. ૬૫/પૈકી, બ્લોક નં. ૬૬/બ** વાળી જુની શરતની સુમારે **૮૮૦૨ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જમીન, જેનો આકાર **રૂા. ૧૩-૭૬ પૈસા** છે. જેને લાગુ **ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩૦ (વણકલા-ઓખા-વિહેલ)** નાં **ઓરીજનલ પ્લોટ નં. ૩૮/સી, ૩૮/ડી** નાં **ફાયનલ પ્લોટ નં. ૩૮/સી** મુજબ સુમારે **૫૨૮૩ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન,જેને લાગતા વળગતા તથા અંદરના બહારના તેમજ આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક, અધિકાર સહિતની બીનખેતીની જમીન દરોબસ્ત.

**સદરહુ બીનખેતી જમીનની ફા.પ્લોટ મુજબની ચતુરદિશા નીચે મુજબ છે :**

ઉત્તરે : લાગુ ફા.પ્લોટ નં. ૮૧/ બી.

દક્ષિણે : લાગુ ફા.પ્લોટ નં. ૮૨.

પૂર્વે : લાગુ ટી.પી. સ્કીમ નં. ૪૫.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/HJR
No - 2765 12/16
2018

પશ્ચિમે : લાગુ ટી.પી. રોડ.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષનાઓએ આજરોજ અમારી રાજીખુશીથી અને સ્વેચ્છાએ તનમનની સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સમજી, સાંભળી, વિચારી, કોઇના કોઇપણ પ્રકારના દાબ-દબાણ કે ધાક ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે, જે અમોને પોતાને તથા અમારા વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે.......................................................મતુ તત્રે.......................................................શાખ

(અશોકભાઇ ગોપાળભાઇ પટેલ)

(રાનજીભાઇ શામજીભાઇ સવાણી)

D.N. Patel
(દિવ્યા નિહારભાઇ પટેલ)


(યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ)

Pankaj

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
| --- | --- | --- | --- | --- | --- |
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

27 65 13/48

-: મીલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-



**મીલકતનું પોસ્ટલ સરનામું** :- મોજે : વણકલાનાં બ્લોક નં. ૬૬/બ, ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩૦, ફા. પ્લોટ નં. ૩૮/સી, તા. ચોર્યાસી, જી. સુરત.

**મીલકત ખરીદનારની સહી** :- મેસર્સ દેવશ્રી રીયાલીટી - એક ભાગીદારી પેઢી, તરફે તેના ભાગીદારો........

(અશોકભાઇ ગોપાળભાઇ પટેલ )

(હરનીશ અશોકભાઇ પટેલ)

(ડેનીશ બટુકભાઇ પટેલ)

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT / 7 / HJR
No - 2765 14/46
2018

(નિહાર મંગળદાસ પટેલ)

(મનજીભાઇ શામજીભાઇ સવાણી)

(યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ)

(ઋતુલ પરસોત્તમભાઇ ઠુમ્બર)

મીલકત વેચનારની સહી :

(અશોકભાઇ ગોપાળભાઇ પટેલ)

(મનજીભાઇ શામજીભાઇ સવાણી)

D. N. Patel


(દિવ્યા નિહારભાઇ પટેલ)

(યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ)

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/KJR
2765 15/46
2013

વેચનારાઓ :-



Ashok
(અશોકભાઇ ગોપાળભાઇ પટેલ)




(મનજીભાઇ શામજીભાઇ સવાણી)



D. N. Patel
(દિવ્યા નિહારભાઇ પટેલ)

D. N. Patel




Yogesh
(યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ)

Yogesh

ખરીદનારાઓ :-

મેસર્સ દેવશ્રી રીયાલીટી - એક ભાગીદારી પેઢી,
તરફે તેના ભાગીદારો........



(અશોકભાઇ ગોપાળભાઇ પટેલ)

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |



(હરનીશ અશોકભાઇ પટેલ)




(ડેનીશ બટુકભાઇ પટેલ)




(નિહાર મંગળદાસ પટેલ)



(મનજીભાઇ શામજીભાઇ સવાણી)



(યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ)



(ઋતુલ પરસોત્તમભાઇ કુમ્બર)

SRT/7/HJR
No - 2765 16/46
2018

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૮(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |

SRT/7/
27 6 5 / 17 / 46
2018

## -: પરીશીષ્ટ :-

**નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ**

| અ.નં. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| ૧ | સુરત જીલ્લાનાં ચોર્યાસી તાલુકાનાં **મોજે : વણકલાના રે.સ.નં. ૬૫/પૈકી, બ્લોક નં. ૬૬/બ** વાળી જુની શરતની સુમારે **૮૮૦૨ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જમીન, જેનો આકાર **રૂા. ૧૩-૭૬ પૈસા** છે. જેને લાગુ **ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩૦ (વણકલા-ઓખા-વિહેલ)** નાં **ઓરીજનલ પ્લોટ નં. ૩૮/સી, ૩૮/ડી** નાં **ફાયનલ પ્લોટ નં. ૩૮/સી** મુજબ સુમારે **૫૨૮૩ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન,જેને લાગતા વળગતા તથા અંદરના બહારના તેમજ આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક, અધિકાર સહિતની બીનખેતીની જમીન. તે બીનખેતીની જમીન અંગે તમોએ વેચાણ દસ્તાવેજનો લેખ કરેલ છે કે કેમ? | હા. |
| ૨ | તબદિલીના લેખમાં જણાવ્યા મુજબ **૫૨૮૩ સ.ચો.મી.** ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન અંગે લેખ કરી આપેલ છે. | હા. |
| ૩ | વેચાણ દસ્તાવેજના લેખમાં જણાવેલ વિગતે અવેજની રકમ તમોને મળેલ છે? | હા. |
| ૪ | તબદિલી લેખમાં વિગતો વાંચી , વંચાવીને, સમજી, વિચારીને તમે પાતે જાતે જ સહી/ અંગુંઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો? | હા. |
| ૫ | ઓળખાણ આપવા સારુ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છે. | હા. |
| **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો :** | | |
| ૧ | તબદિલી લેખમાં લખી આપનાર વ્યકિત /ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | હા |
| ૨ | તબદિલી લેખમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત /ઓ એક જ છે? | હા. |
| ૩ | કોઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો? | હા |

**વેચાણ આપનારાઓની સહી :-**

(અશોકભાઇ ગોપાળભાઇ પટેલ)

(મનજીભાઇ શામજીભાઇ સવાણી)

D.N. Patel

(દિવ્યા નિહારભાઇ પટેલ)

(યોગેશભાઇ ભીમજીભાઇ ગોહીલ)

**ઓળખાણ આપનારની સહી :-**

Pankaj

સહી

સબ-રજીસ્ટ્રાર

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|---|
| વેચાણ | વણકલા | ૬૬/બ | ૩૦(વણકલા-ઓખા-વિહેલ) | ૩૮ સી | ૫૨૮૩ |


Vaishnodevi Rd
De Lounge
Anjani Enclave
અંજની એન્ક્લેવ
Vaishnodevi Heights
વૈષ્ણોદેવી
હાઇટ્સ
Vaishnodevi Rd
Ganesh Pan And
Cold Drinks
Devshree Benito
The Lemonzy Food Hub
Green Aristo
Green Aristo Road
Samarthya Bungalow
Doctor Park Rd
L.K. Ma
Kalaji Kirana Store
Nakshatra Nebul
Janki Residency
Map
Google
Sai Ice Cream
3D
Imagery ©2019 DigitalGlobe, Map data ©2019 Google India Terms Send feedback 100 m